# આર્કાઇવિસ્ટ (અભિલેખાગાર અધિકારી)

આર્કાઈવિસ્ટ ઐતિહાસિક માહિતી ઘરાવતા મૂલ્યવાન સંગ્રહને એકત્ર કરવા, સૂચિબદ્ધ કરવા, તેની સુરક્ષિત જાળવણી કરવા અને તેનું વ્યવસ્થાપન કરવા માટે જવાબદાર છે. આર્કાઈવિસ્ટ જાહેર અને ખાનગી ક્ષેત્રની વિવિધ સંસ્થાઓ સાથે કામ કરે છે અને, એકવાર લાયકાત મેળવ્યા બાદ, વિવિધ સંસ્થાઓ, ભૂમિકાઓ અને વિશેષતાઓ તરફ આગળ વધી શકે છે. આર્કાઈવિસ્ટ એ માહિતી નિષ્ણાત છે જે ખાસ કરીને સ્રોત ડેટા રાખવા અને તે મેળવવામાં વ્યક્તિઓને મદદ કરવા માટે શિક્ષિત છે. કાગળના દસ્તાવેજો, ફોટો, વીડિયો અને કમ્પ્યુટર ડેટા આર્કાઈવિસ્ટ દ્વારા નિયંત્રિત કરવામાં આવે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વિશ્લેષણ કરવાની કુશળતા ધરાવો છો
- તમારી પાસે વાતચીત કરવાનું કૌશલ્ય છે
- તમે વિગતો પર ધ્યાન આપો છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૩,૦૦૦ થી ૧,૫૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. હ્યુમૅનિટિઝમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. સામાજિક વિજ્ઞાન અથવા લાયબ્રેરી સાયન્સમાં સ્નાતક (BA)ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો, ત્યારબાદ સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

આર્કાઈવ્સ અને રેકોર્ડ્સ મેનેજમેન્ટમાં ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

અભિલેખાગાર અધિકારીનું અંદાજીત માસિક વેતન રૂ. ૪૦,૦૦૦ થી ૪૪,૦૪૭* જેટલું હોય છે.

સ્રોત:https://bit.ly/3KEFdjy

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સરકારી એજન્સીઓ, ખાનગી સંસ્થાઓ, વાણિજ્યિક વ્યવસાય જૂથો, પુસ્તકાલયો, શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, સંગ્રહાલયો, ઐતિહાસિક સંરક્ષકો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સંસ્થાઓ સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરે છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર થઇ શકે છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોઈ શકે છે. ઓવરટાઇમ કામ કરવાની જરૂર પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

હેલ્પર → આર્કાઈવિસ્ટ → હેડ આર્કિવિસ્ટ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

આર્કાઈવિસ્ટ, આસિસ્ટન્ટ આર્કાઈવિસ્ટ, ડોક્યુમેન્ટેશન સ્પેશ્યાલિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**ભારતની યુ.જી.સી. માન્યતા પ્રાપ્ત કોઈ પણ કોલેજમાંથી તમે સ્નાતક અને અનુસ્નાતકની ડિગ્રી મેળવી શકો છો.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.



આર્કાઈવ્સ અને રેકોર્ડ્સ મેનેજમેન્ટમાં ડિપ્લોમા, પી.જી. ડિપ્લોમા અને પ્રમાણપત્ર અભ્યાસક્રમો અહીં ઉપલબ્ધ કરવામાં આવે છે:

૧. સ્કૂલ ઓફ આર્કાઈવલ સ્ટડીઝ, નેશનલ આર્કાઈવ્સ ઓફ ઈન્ડિયા, નવી દિલ્હી
૨. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
૩. ગાંધીગ્રામ ગ્રામીણ સંસ્થા, ગાંધીગ્રામ
૪. ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ
૫. પોંડિચેરી યુનિવર્સિટી, પોંડિચેરી
૬. મહર્ષિ દયાનંદસરસ્વતી યુનિવર્સિટી, અજમેર
૭. એમ.એસ.યુ., વડોદરા

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ